PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૬/ક્વા-૦૪/૨૦૨૩-૨૪/ ૪૪૧-૩ તારીખ : ૨૦ - ૦૨ - ૨૦૨૪

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

શ્રી રમેશભાઈ નાગજીભાઈ પટેલ (હરસોડા)

નગરપીપળીયા,

મુ. પો. : નગરપીપળીયા, તા. : લોધિકા, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૨૧

મોબાઈલ : ૯૭૨૫૭૨૧૯૯૯

વિષય : નવું ખેતીવાડી વીજજોડાણ મેળવવાઅંગે.

સંદર્ભે: આપશ્રીની રજુઆત તા. ૨૪-૦૧-૨૦૨૪.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૬/ક્વા-૦૪/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, લોધીકા.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૬/ક્વા-૪/૨૩-૨૪/૫૫૧-૩ તા. ૨૦-૦૨-૨૪

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૦૬/ક્વા-૪/૨૩-૨૪, તા.૨૫-૦૧-૨૦૨૪

અરજદાર : શ્રી રમેશભાઈ નાગજીભાઈ પટેલ, ગામ: લોધિકા

રજૂઆત કરનાર : અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર : શ્રી કે.એચ.બક્ષી, કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ.,ગ્રામ્ય વિભાગીય કચેરી-રાજકોટ

## :: કોરમ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨). સભ્ય (ટેકનીકલ) - શ્રી પી.જે.મહેતા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૦૮.૦૨.૨૦૨૪ (ગુરૂવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૮.૦૨.૨૦૨૪ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રમેશભાઈ નાગજીભાઇ પટેલ (હરસોડા) નગર પીપળીયા ગામમાં આવેલ રેવન્યુ સર્વે નં. ૩૩૯ ના બોર ઉપર તા.૨૩.૦૫.૨૦૨૩ ના રોજ એસ.આર નં.૧૬૨૧૮૦૫૯ થી ખેતીવાડી કનેક્શન લેવા માટે લોધિકા પેટાવિભાગીય કચેરી ખાતે અરજી કરેલ છે.

૨.૧ લોધિકા પેટાવિભાગીય કચેરી દ્વારા આઉટ નં.૩૦૬૪ તા.૦૪.૦૯.૨૦૨૩ થી સદર એસ.આરનું રૂ.૧૫૩૩૦/- ભાવપત્રક મળેલ, જે કવોટેશન તા.૧૩.૦૯.૨૦૨૩ ના રોજ ભરપાઈ કરેલ છે, તેમ છતાં હજુ સુધી લાઈન કામ થયેલ નથી જે અનુસંધાને લોધિકા પેટાવિભાગીય કચેરીમાં તપાસ કરતા જાણવા મળેલ છે કે ફાઈલ ઓડીટ ઓબ્જેક્શનમાં પરત આવેલ છે.

૨.૨ પીજીવીસીએલ લોધિકાના પત્ર નં.૫૪૧૬ તા.૩૦.૧૧.૨૦૨૩ થી લેટર રૂબરૂ સ્વીકારેલ છે જેમાં ઓબ્જેક્શન હક્કપત્રક એન્ટ્રી નં.૧૭૭૯ માં ખાતા નં. ૧૬૮ લખેલ છે અને અરજદારનું નામ એમાં પણ બતાવે જ છે અને જે નવા ૭,૧૨ છે તેમાં ખાતા નં ૭૩૫ છે તો આવા ખોટા ઓબ્જેક્શન ડીવીઝન માંથી કાઢવામાં આવે છે કારણકે જો અરજદારના ૭, ૧૨ માં અરજદારનું નામ બોલતું હોઈ તો જ તેમના ખાતામાં જમીન આવેલી હોય, જે ડીવીઝન દ્વારા ઓબ્જેક્શન કાઢવામાં આવેલ છે તે એન્ટ્રી નં. ૧૭૭૯ માં રમેશભાઈ નાગજીભાઈ હરસોડા નામ વંચાતું નથી તેમજ ખાતા નં ૧૬૮ અને હાલના ખાતા નં ૭૩૫ વાળું હકકપત્રક જોડવું એવું ઓબ્જેકશન કાઢેલ હોઈ તો ખરેખર જમીન ખાતે કરતી વખતે મામલતદાર કચેરી દ્વારા આટલા બધા કોઈ ડોક્યુમેન્ટ્સ માંગવામાં આવતા નથી તો પીજીવીસીએલને તો ફક્ત વીજ કનેક્શન આપવાનું છે, અને આ કનેક્શન બાબતે મેં લોધીકા પીજીવીસાએલ કચેરીમાં ૦૬ વખત તપાસ કરવા આવેલ છું તેમ છતાં અરજદાર ગામડિયા ગામના ખેડૂત હોઈ જેને કાયદાકીય કોઈ જ્ઞાન ન હોઈ અને અભણ અને અજ્ઞાન ખેડૂત હોઇ એટલે અમોને પીજીવીસીએલ દ્વારા બહુ જ હેરાન ગતિ કરવામાં આવે છે તો ખરેખર ખેતીવાડીમાં કયા કયા ડોક્યુમેન્ટ્સ જોઈ તેનો સરકયુલર બાબતે માહિતગાર કરવા અને ખેતીવાડી વીજજોડાણ મળવા બાબતે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત પત્ર નં-૧૫૦૫ તા.૦૬-૦૨-૨૦૨૪ મુજબ શ્રી રમેશભાઈ નાગજીભાઈ હરસોડ દ્વારા ગામ: નગરપીપળીયાના રે. સર્વે નં.: ૩૩૯, ખેડ ખાતા નં.: ૭૩૫ ખાતે ખેતીવાડી હેતુનું નવુ કનેક્શન મેળવવા માટે, અરજદાર દ્વારા તા.૨૩.૦૫.૨૦૨૩ ના રોજ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે. જેનું અંદાજપત્ર તા. ૧૩.૦૯.૨૦૨૩ ના રોજ ભરપાઈ કરી આપેલ છે.

3.૧ પેટાવિભાગીય કચેરી દ્વારા સદર અરજીના કેસપેપર ઓડીટ માટે વિભાગીય કચેરીને મોકલાવેલ જેમાં અરજદાર દ્વારા રજુ કરેલ ગામ નમુના નં.૦૬ ની નોંધ નં.૧૭૭૯ સુવાચ્ય ન હોવા બાબત તેમજ અરજદારના ખાતા નં. ૭૩૫ ના બદલે સદર નોંધ ખાતા નં. ૧૬૮ ની જોડેલ હોય વધારાના સ્પષ્ટીકરણ માટે પેટાવિભાગીય કચેરી દ્વારા રજીસ્ટર એડી ટપાલ પત્ર તા.૩૦.૧૧.૨૦૨૩ થી અરજદારને ઘટતી માહિતી રજુ કરવા જાણ કરેલ છે.

3.૨ ઉપરોક્ત બાબતે અરજદાર દ્વારા પેટાવિભાગીય કચેરીને જરૂરી સ્પષ્ટતા લેખિતમાં તા.૨૫.૦૧.૨૦૨૪ થી કરેલ છે.

3.3 ઉપરોક્ત બાબતે ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટના લેખિત પત્ર તા.૩૦.૦૧.૨૦૨૪ થી અરજદાર પાસેથી જરૂરી સમંતિ રજુ થયા બાદ આગળની કાર્યવાહી કરવા લોધિકા પેટાવિભાગીય કચેરીને જાણ કરેલ છે, સદર બાબતે અરજદાર પાસેથી ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉદ્ભવે તો તેની જવાબદારી પોતાની રહેશે તેની સમંતિ તા.૦૧.૦૨.૨૦૨૪ થી રજુ કરતા સદર નવા વીજજોડાણનું લાઈનકામ તથા મીટરનું કામ તા.૦૪-૦૨-૨૦૨૪ ના રોજ પૂર્ણ કરેલ છે.

3.૪ આમ, સદર બાબતે અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ છે, તે અંગે અરજદારને માહિતગાર કરતા અરજદારને કોઈ ફરિયાદ રહેતી ન હોય, તે અંગેનું સમાધાન તા.૦૫-૦૨-૨૦૨૪ માં સહી કરેલ આપેલ છે, જે ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની મુદ્દા નં ૨.૦ થી ૨.૨ મુજબની ફરિયાદનું પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત મુદ્દા નં 3.3 અને ૩.૪ મુજબની વિગતે નિરાકરણ થયેલ હોય અત્રેના ફોરમ દ્વારા કંઈ કરવાનું રહેતું ન હોય અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.જે.મહેતા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- 3, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં –૦૨૮૧-૨૯૯૪૧૨૫

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot